This Question Paper contains 16 printed pages.
(Part - A & Part - B)

Sl.No. 708543

# 01(G)

(MARCH, 2015)

| પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ OMR શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે. Set No. of Question Paper circle against which is to be darken in OMR sheet. |
|---|
| 7 |

Part - A : Time : 1 Hour / Marks : 50

Part - B : Time : 2 Hours / Marks : 50

## (Part - A)

*Time : 1 Hour]* *[Maximum Marks : 50*

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રના ભાગ-A માં બહુવિકલ્પીય પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.
2) પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.
3) કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.
4) પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલ-પેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.
5) પ્રશ્નપત્રક્ના ઉપરની જમણી બાજુંમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.

■ 1 થી 50 પ્રશ્નોના નીચે આપેલા 4 જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી, સાચાં વિકલ્પનો ક્રમ અક્ષર પર શીટમાં પેનથી ઘટ્ટ કરવું :

1) 'અદીઠો સંગાથ' કાવ્યનો સાહિત્ય પ્રકાર કયો છે ?

(A) સૉનેટ

(B) ગીત

(C) ગઝલ

(D) પદ

2) 'હું તને એટલો વિકસિત જોવા માગું છું જેથી તું મોટાં શહેરોમાં ખૂબ શિક્ષિત લોકોની સમકક્ષ ઊભો રહી શકે.' – આ ઉક્તિ કોણ કોને કહે છે ?

(A) શિવ સુબ્રમણ્યા ઐયર, વિદ્યાર્થી અબ્દુલ કલામને

(B) અહમદ જલાલુદ્દીન, સાળા અબ્દુલને

(C) આશિયામ્મા, પુત્ર અબ્દુલને

(D) પિતા જૈનુલબ્દીન – પુત્ર અબ્દુલને

3) શબ્દસમૂહ માટે યોગ્ય એક શબ્દ પસંદ કરો.
'ભગવાન બુધ્ધને જ્યાં જ્ઞાન પ્રાપ્ત થયું હતું તે વૃક્ષ.'

(A) આમ્રવૃક્ષ (B) બોધિવૃક્ષ

(C) કલ્પવૃક્ષ (D) વટવૃક્ષ

4) 'દેવ જાગી જવા' – રૂઢિપ્રયોગનો અર્થ શો થાય ?

(A) કામદેવ પ્રસન્ન થવા. (B) દેવને જગાડવા.

(C) ઊંઘમાંથી સફાળા બેઠા થવું. (D) નસીબ ખૂલી જવું.

5) સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાંત – આ છ બાબતો માટે કયો શબ્દ છે ?

(A) ષડસિદ્ધિ (B) ખટરિપુ

(C) ખટકર્મ (D) ખટશાસ્ત્ર

6) 'અંધી વાટે વટ પડવો જોવે, ભાય, ભાવનગર જાવું જોહે …' લોકબોલીની આવી મીઠાશ કઈ કૃતિમાં રજૂ થઈ છે ?

(A) જક્ષણી (B) શૂલપાણેશ્વર

(C) ચક્ષુ:શ્રવા (D) છકડો

7) 'મારા લગ્ન માટે તેણે બે વેણેય કોઈને કહ્યાં નહીં' – આ વાક્યમાંથી નિપાત શોધો.

(A) ય　　(B) કોઈને

(C) માટે　　(D) કહ્યાં

8) વાર્તાનાયકના 'પણ ક્યાં ! શા માટે જાય છે ?' એવા પ્રશ્નના જવાબમાં પત્ની કયો જવાબ આપે છે ?

(A) મારા અક્ષરો સુધારવા – તમારો અભ્યાસ વધારવા

(B) બધે તમને કહીને જવાનું ?

(C) ક્યાં તે મારા પિયરમાં

(D) બધું તમને કહેવું જરૂરી નથી.

9) નીચે આપેલા જોડકાંમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

| | |
|---|---|
| (a) દયારામ | (1) કાફી |
| (b) ધીરા ભગત | (2) ખંડકાવ્ય |
| (c) મણિશંકર ર. ભટ્ટ | (3) પદ |
| (d) નરસિંહ મહેતા | (4) ગરબી |

(A) a - 1, b - 4, c - 3, d - 2　　(B) a - 3, b - 2, c - 1, d - 4

(C) a - 2, b - 3, c - 4, d - 1　　(D) a - 4, b - 1, c - 2, d - 3

10) 'હું પાંગળું, તું મારું વાહન !' – આ ઉક્તિ કોણ કોને કહે છે ?

(A) કવિ ભક્તને કહે છે.

(B) ભક્તિ બુદ્ધિને કહે છે.

(C) ચક્ષુ મનને કહે છે.

(D) મન ચક્ષુને કહે છે.

11) પાઠ્યપુસ્તકમાંના શબ્દો ચાર જૂથમાં ગોઠવેલ છે. કયા જૂથના તમામે તમામ શબ્દોની જોડણી સાચી છે ?

(A) કીર્તિ, પંચિયું, શિથિલ, પૃથિવીવલ્લભ

(B) પરિચિત, નિયમિત, ઈન્દીરા, આધિપત્ય

(C) પતીજ, વિજળી, તેલિયા, બધિર

(D) ઊણપ, પૂર્વાભિમુખ, સુરસરિતા, સ્ફટીક

12) નીચે આપેલા શબ્દો પૈકી 'રાત્રિ' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ?

(A) મનીષા

(B) દિવાકર

(C) રજની

(D) શોણિત

13) 'ટાઈમટેબલ' કઈ બાબતનો આગ્રહ રાખે છે ?

(A) સમયસર પરીક્ષા આપવી જોઈએ.

(B) ખૂબ આરામ કરવો જોઈએ.

(C) સમય મુજબ લેખન કરવું જોઈએ.

(D) અમુક વસ્તુ અમુક સમયે જ થવી જોઈએ.

14) 'સોનાનાં વૃક્ષો' પાઠનો સાહિત્ય પ્રકાર કયો છે ?

(A) હાસ્યનિબંધ

(B) નિબંધ

(C) લલિતનિબંધ

(D) ચિંતનાત્મક નિબંધ

15) 'ભમ્યો તીર્થે તીર્થે ધરી ઉર મનીષા દરશની.' - આ પંક્તિનો છંદ જણાવો.

(A) પૃથ્વી

(B) શિખરિણી

(C) મંદાક્રાન્તા

(D) અનુષ્ટુપ

16) સંસારરૂપી સાગર તરવાનો પ્રયત્ન કોણ કરે છે ?

(A) સાચા ભક્ત અને જગતના પામરજીવો વચ્ચે ભેદ ન જાણનારા

(B) સંસારી હોવા છતાં સંસાર છોડ્યાનો દેખાવ કરનારા

(C) યજ્ઞ-યાગ, જપ-તપ, તીરથ-યાત્રા કરનારા

(D) સાધુનો વેશ ધારણ કરી મનમાં કામિનીની ઈચ્છા રાખનારા

17) 'અધૂરો ઘડો છલકાય ઘણો.' - કહેવતનો અર્થ શો છે ?

(A) ઓછી આવડત હોય તે વધુ દેખાવ કરે

(B) કોઈની આગળ સારા હોવાનો દેખાવ કરે

(C) સારા નરસાનો વિચાર ન કરે

(D) અભિમાનમાં ખરાબ દેખાવ કરે

18) આપેલ પંક્તિનો અલંકાર કયો છે ?

'કામિની કોકિલા કેલિ કૂજન કરે.'

(A) અંત્યાનુપ્રાસ

(B) વર્ણાનુપ્રાસ

(C) શબ્દાનુપ્રાસ

(D) આંતરપ્રાસ

19) નીચેના પૈકી કયા કવિએ 'વિદ્યાવાચસ્પતિ' ની પદવી પ્રાપ્ત કરી હતી ?

(A) ચિનુ મોદી

(B) ઉમાશંકર

(C) મકરંદ દવે

(D) બાલમુકુન્દ દવે

20) આજે આચાર્યશ્રી આવનાર નથી. - રેખાંકિત પદ કૃદંતનો કયો પ્રકાર દર્શાવે છે ?

(A) સંબંધક ભૂતકૃદંત

(B) ભવિષ્ય કૃદંત

(C) વર્તમાન કૃદંત

(D) વિધ્યર્થકૃદંત

21) નીચેનામાંથી કઈ પંક્તિ ચોપાઈ છંદમાં નથી ?

(A) દાદા દાદી સાથે જાય, છૈયાં વાતો કરતાં જાય.

(B) શેરી મિત્રો સો મળે, તાળી મિત્ર અનેક.

(C) લાંબા જોડે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય.

(D) કાળી ધોળી રાતી ગાય, પીએ પાણી ચરવા જાય.

22) કવિ બાલમુકુન્દ દવેએ 'તીર્થોત્તમ' કાવ્યમાં નીચેના તીર્થોમાંથી કયા તીર્થનો ઉલ્લેખ કર્યો નથી ?

(A) કાશી

(B) હરદ્વાર

(C) પુરી

(D) અયોધ્યા